**અગ્રતા ક્રમ –૨**
**પૂરક પ્રશ્ન ક્રમાંક : ૧૫/૫/૫**

**પ્રસ્તાવના**

**માન. અધ્યક્ષશ્રી,**

જે તે સિઝનમાં ખાતરની જરૂરિયાત અંગે સૌ પ્રથમ ખાતરની કંપનીઓ તથા ટેકનીકલ અધિકારી સાથે ખાતરની જરૂરિયાતની ગણતરી માટે બેઠક કરવામાં આવે છે. જેમાં સંભવિત પાકોનું વાવેતર, ખાતરની ભલામણ અને જમીનમાં રહેલ તત્વોની સમીક્ષા કરી રાજ્યની ખાતર અંગેની જરૂરીયાત નક્કી કરવામાં આવે છે.

ખાતરની જરૂરીયાત નક્કી કરવા રાજ્ય ખાતર સલાહકાર સમિતિની બેઠક બોલાવવામાં આવે છે.અને તે આધારિત સીઝનની માંગણી કેન્દ્ર સરકારશ્રીમાં મોકલવામાં આવે છે.

ભારત સરકારશ્રી સાથે સીઝન શરુ થતા પહેલા ઝોનલ કોન્ફરન્સ થાય તેમાં ખાતરની જરૂરીયાત બાબતે ચર્ચા અને રજૂઆત કરવામાં આવે છે.
સપ્લાયના મોનીટરીંગ માટે ખાતર કંપનીઓ સાથે માસિક સમીક્ષા બેઠક કરવામાં આવે છે.

ભારત સરકારશ્રી દ્વારા આયોજીત અઠવાડીક વિડીયો કોન્ફરન્સમાં ખાતરની જરૂરીયાત બાબતે સમીક્ષા કરવામાં આવે છે.

જીલ્લા કક્ષાએ ખેતીવાડી ખાતાના અધિકારીશ્રીઓ દ્વારા સપ્લાય, જરૂરીયાત અને વિતરણનું મોનીટરીંગ કરવામાં આવે છે.

ભારત સરકારશ્રી દ્વારા રા. ખાતરનો સપ્લાય મુજબનો જથ્થો મેળવી ઓફ સીઝનને અનુરૂપ આગોતરા આયોજન માટે સંગ્રહ કરવામાં આવે છે અને જરૂરિયાતના આંકલન મુજબ જીલ્લા કક્ષાએથી જથ્થો છુટ્ટા કરવામાં આવે છે. આ ઉપરાંત ખાસ સંજોગોમાં ખાતર કંપનીઓ સાથે સંકલન રાખવામાં આવે છે અને કેન્દ્ર સરકાર સાથે સંકલન કરવામાં આવે છે

**અગ્રતા ક્રમ –૨**

**પૂરક પ્રશ્ન ક્રમાંક : ૧૫/૫/૫**

પ્રશ્ન: રાજ્યમાં રાસાયણિક ખાતરની એક વર્ષમાં ખાતર વાર કેટલી જરૂરિયાત હતી ? અને મારો બીજો પ્રશ્ન છે કે

તે મુજબ ભારત સરકાર તરફ થી યુરીયા, ડી.એ.પી અને અન્ય ખાતરનો કેટલો જથ્થો મળેલ છે ?

જવાબ : **માન.અધ્યક્ષશ્રી,**

માન.સભ્યશ્રી પહેલા પ્રશ્નના જવાબમાં જણાવું તો

છેલ્લા એક વર્ષમાં ભારત સરકારશ્રી સમક્ષ યુરીયા–ડી.એ.પી અને અન્ય ખાતર મળીને **કુલ ૫૯ લાખ ૮૨ હજાર મેટ્રીક ટન** માંગણી કરવામાં આવેલ.

**અને બીજા પ્રશ્નના જવાબમાં જણાવું તો**

ભારત સરકારશ્રી દ્વારા યુરીયા–ડી.એ.પી, નેનો યુરીયા અને અન્ય ખાતર મળીને **કુલ ૬૨ લાખ ૬૦ હજાર** મેટ્રીક ટન જથ્થો પૂરો પાડવામાં આવેલ છે.

**અગ્રતા ક્રમ –૨**
**પૂરક પ્રશ્ન ક્રમાંક : ૧૫/૫/૫**

પ્રશ્ન: રાજ્યમાં ખેડૂતોને સરળતાથી ખાતર મળી રહે તે માટેની શું વ્યવસ્થા છે?

જવાબ : **માન.અધ્યક્ષશ્રી,** માન સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવું તો રાજયમાં ખેડૂતોને સરળતાથી ખાતર મળી રહે તે માટે રાજ્યમાં સરકાર માન્ય **કુલ ૧૭ જેટલી** મુખ્ય ખાતર વિતરક સંસ્થાઓ, જેવી કે **ગુજકોમાસોલ** તથા **ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કો.લિ** વગેરે **મારફત ૮૫૦** થી વધુ હોલસેલર વિક્રેતા મારફતે ગુજકોમાસોલ તથા ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કો.લિના ડેપો તથા અન્ય મળીને **કુલ ૯૦૦૦** થી વધુ સહકારી મંડળીઓ તથા ખાનગી સક્રિય ખાતર વિક્રેતાઓ દ્વારા રાસાયણિક ખાતર વેચાણ કરવામાં આવે છે.

**અગ્રતા ક્રમ –૨**

**પૂરક પ્રશ્ન ક્રમાંક : ૧૫/૫/૫**

પ્રશ્ન: યુરીયા ખાતર સાથે અન્ય વસ્તુઓ ખરીદવાની ફરજ ન પડે તે માટે સરકારે શી વ્યવસ્થા કરેલી છે?

અને મારો બીજો પ્રશ્ન છે કે

ખેડૂતોને યુરીયા ખાતર સાથે અન્ય વસ્તુ ન ખરીદવી પડે તે માટે શા આદેશો કરેલા છે ?

જવાબ : **માન.અધ્યક્ષશ્રી,**

માન.સભ્યશ્રીના પહેલા પ્રશ્નના જવાબમાં જણાવું તો..

યુરીયા ખાતર સાથે અન્ય વસ્તુઓ ખરીદવાની ફરજ ન પડે તે માટે રાસાયણિક ખાતર વિક્રેતા ના વેચાણ કેંદ્રો પર  સબંધિત તાલુકાના ખેતી અધિકારી તથા જીલ્લાના નાયબ ખેતી નિયામક (વિસ્તરણ) દ્વારા તકેદારી રાખવામા આવે છે. અને  ખેડૂતોએ યુરીયા ખાતરની ખરીદી પાકા બીલ થી જ કરવા વિવિધ પ્રચાર પ્રસારના માધ્યમો દ્વારા જાગૃત કરવામા આવે છે.

**માન અધ્યક્ષશ્રી સભ્યશ્રી ના બીજા પ્રશ્નના જવાબમા જણાવુ તો ...**

યુરિયા ખાતર સાથે અન્યુ વસ્તુ ની ખરીદી ન કરવી પડે તે માટે કાયદાકિય રક્ષણ આપવા ને હેતુ સર....

ખાતા કક્ષાએ અગાઉ ખાતર કંપનીઓ સાથે બેઠક યોજી રાજ્ય સરકાર દ્વારા ખાતર સાથે અન્ય પ્રોડક્ટ ફરજીયાત ન આપવા અંગે પત્રથી ખાતર વેચાણ કરતી તમામ કંપનીઓને પત્રથી તાકીદ પત્ર કરવામાં આવેલ છે.